ક્રમાંક:મઉ/મકવ/પરચ/૨૦૧૩/૪૪૩૧-૬૬.

કમિશનર, શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા.16-09-2013

પરિપત્ર:-

સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનીંગ ઈન્સ્ટીટ્યુટ ( **STTI** ) ગાંધીનગર ખાતે **જુન-૨૦૧૩** દરમિયાન સરકારી માધ્યમિક શાળાના ગણિત / વિજ્ઞાનના શિક્ષકોની તાલીમ યોજવામાં આવેલ હતી. આ તાલીમ દરમિયાન સરકારી માધ્યમિક શાળાઓના ગણિત અને વિજ્ઞાન શિક્ષકો સાથે ધોરણ-૧૦ના **SSC** બોર્ડના પરિણામ અંગેની સમીક્ષા કરતાં શિક્ષકો દ્વારા થયેલ રજુઆતો અને તેમના દ્વારા પરિણામ અંગેની સુધારણા માટે આપવામાં આવેલ સુચનોને આધારે એવું જોવા મળેલ છે કે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા સરકારી માધ્યમિક શાળાના ગણિત-વિજ્ઞાનના શિક્ષકોને અન્ય સરકારી કામગીરી કે વહીવટી કામગીરી સોંપવામાં આવે છે. આ ઉપરાંત કેટલીક જગ્યાએ આ શિક્ષકોને ઈન્ચાર્જ આચાર્યની જવાબદારી પણ સોંપવામાં આવે છે.

ગણિત- વિજ્ઞાન જેવા અઘરા વિષયોમાં શિક્ષકોને અન્ય કામગીરી કે જવાબદારી સોંપવાથી તેની અસર શૈક્ષણિક કાર્ય તથા શાળાના પરિણામ પર જોવા મળે છે. આ પરિસ્થિતિ નિવારવા નીચે મુજબની સુચનાઓ અનુસરવા જણાવવામાં આવે છે.

(૧) સરકારી માધ્યમિક શાળાના ગણિત - વિજ્ઞાનના શિક્ષકશ્રીઓને સરકારી કામકાજ કે વહિવટી કામગીરી માટે ક્યારેય બોલાવવા નહિ.

(૨) આચાર્યની જગ્યા ખાલી હોય તેવી શાળાઓમાં શક્ય હોય ત્યાં સુધી ગણિત- વિજ્ઞાનના શિક્ષકશ્રીઓને ઈન્ચાર્જ આચાર્ય તરીકેની જવાબદારી સોંપવી નહી. તેના બદલે અન્ય વિષયોના શિક્ષકોને આચાર્ય તરીકેનો ચાર્જ સોંપવો.

(૩) જો ગણિત- વિજ્ઞાનના શિક્ષક અન્ય શિક્ષકો કરતાં સિનિયર હોય તો તેઓ પાસેથી સ્વૈચ્છિક રીતે સહમતી લેવાની રહેશે કે " અન્ય વહિવટી કામોમાં સમય વ્યસ્થિત ન થાય અને ગણિત - વિજ્ઞાન વિષયનું શિક્ષણ કાર્ય અસરકારક રીતે કરી શકુ તે માટે હું ઈન્ચાર્જ આચાર્ય તરીકે નો હક્ક જતો કરુ છુ અને આ લખાણની રાજી ખુશીથી લખી આપુ છું."

(૪) જો ગણિત/વિજ્ઞાનના શિક્ષકો અન્ય શિક્ષકો કરતા સિનિયર હોય અને તેઓ આચાર્યશ્રીનો ચાર્જ રાખવાની ઈચ્છા ધરાવતા હોય તો તે શિક્ષકની બાહેંધરી લેવાની રહેશે કે " હું શ્રી ..............................ગણિત/ વિજ્ઞાન શિક્ષક શાળાનું નામ.......................
..............ગામ(શહેર)..............................તાલુકો.......................
જિલ્લો.....................આથી બાહેંધરી આપું છું કે, હું મારા ગણિત/વિજ્ઞાન વિષયનો સમગ્ર સંપૂર્ણ પાઠ્યક્રમ(સિલેબસ) સમયસર પુરો કરીશ તથા મારી શાળાના ધોરણ-૧૦ના બોર્ડનું પરિણામ ૭૫ ટકાથી ઉપર આવશે તેવી આથી હું ખાત્રી આપુ છું. અને મારા આચાર્ય તરીકેની

Scanned by TapScanner

કામગીરીથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યમાં કોઈ નુકશાન ન થાય તેની બાહેંધરી આપીને શાળાના આચાર્યનો કાર્યભાર (ચાર્જ) લેવા ઈચ્છું છું. "

ઉપરોક્ત સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

**કમિશનર**
**શાળાઓ, ગુજરાત રાજય**
**ગાંધીનગર**

નોંધઃ- ઉપર જણાવેલ **સુચનાનું પાલન કરી જિલ્લાની સરકારી શાળાના આચાર્ય તરીકે કોણ કામગીરી કરે છે તેની વિગતો ૧૭ જુલાઈ ૨૦૧૩ સુધી ઈમેઈલ તથાં ફેકસથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મોકલી આપશે આ મુદ્દાની ચર્ચા માસીક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની તા.૧૮ મી જુલાઈ ૨૦૧૩ની બેઠકમાં કરવામાં** આવશે.

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ (તાબાની સરકારી શાળાઓમાં જાણ કરવા સારૂ)
- હુકમ ફાઈલ

નકલ રવાના:- માનનીય કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી, આ કચેરી.

Scanned by TapScanner